# ગુજરાતમિત્ર '24ની ચોવીસી

વર્ષ 2024ના 24/7 નો 24 કેરેટનો સાર !





## વેડિંગ ઑફ ધ યર: અનંત-રાધિકા

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીએ 13 જુલાઈના રોજ એક ભવ્ય સમારોહમાં તેમની બાળપણની પ્રેમિકા રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કર્યા હતા. વ્યાપક રીતે વેડિંગ ઓફ ધ યર તરીકે ઓળખાતા આ કાર્યક્રમમાં વૈશ્વિક મહાનુભાવો, બોલિવૂડ સ્ટાર્સ અને પ્રભાવકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીમાં ભવ્ય સજાવટ, હાઈ-પ્રોફાઇલ વૈશ્વિક હાજરી અને મહિનાઓ સુધી દેશ અને વિદેશમાં ચાલેલી પ્રિ વેડિંગ સેરેમની ચર્ચાનો વિષય બની હતી. માર્ચમાં અંબાણી પરિવારે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન માટે પ્રી-વેડિંગ બેશ સાથે સેલિબ્રેશનની શરૂઆત કરી હતી. આંતરરાષ્ટ્રીય હસ્તીઓ અને ઉદ્યોગપતિઓ અબજોપતિ મુકેશ અંબાણીને ત્યાં લગ્નમાં ભાગ લેવા માટે ઉડાન ભરતા હોવાથી ભવ્ય લગ્નોત્સવ મહિનાઓ સુધી ચાલુ રહ્યો હતો. 600 મિલિયન ડોલરના આ લગ્નની ઉજવણી દરમિયાન જે કેટલીક પ્રભાવશાળી હસ્તીઓ જોવા મળી હતી તેમાં માર્ક ઝુકરબર્ગ, બિલ ગેટ્સ, કર્દાશિયન બહેનો, રિહાના અને હિલેરી ક્લિન્ટન સહિત અન્ય ઘણા લોકોનો સમાવેશ થાય છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ને ખૂબ જ ધ્યાન ખેંચ્યું હતું.

## રતન 'ટાટા'નું નિધન

9 ઓક્ટોબર

એક આદરણીય ઉદ્યોગપતિ અને પરોપકારી, 1991થી 2012 સુધી ટાટા જૂથના અધ્યક્ષ તરીકે પરિવર્તનશીલ નેતૃત્વ માટે જાણીતા અને દેશનાં રતન એવા રતન ટાટાનું નિધન થયું. 28 ડિસેમ્બર, 1937ના રોજ જન્મેલા, ટાટાએ જગુઆર લેન્ડ રોવર અને કોરસ સ્ટીલ જેવા આઇકોનિક એક્વિઝિશનની દેખરેખ રાખતા, ટાટા જૂથને વૈશ્વિક ખ્યાતિ અપાવી હતી. વ્યવસાય ઉપરાંત, શિક્ષણ, આરોગ્યસંભાળ અને ગ્રામીણ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેમના પરોપકાર માટે તેમની પ્રશંસા કરવામાં આવી હતી. પદ્મ વિભૂષણથી સન્માનિત રતન ટાટાની દીર્ઘદષ્ટિ, નમ્રતા અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતાએ એક પ્રેરણાદાયી નેતા તરીકેના તેમના વારસાને મજબૂત કર્યો છે.



જયશ્રી રામ

# અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્દઘાટન

## પર્યટકોની સંખ્યાને મામલે પહેલાં જ વર્ષે અયોધ્યાએ આગ્રાને પાછળ છોડી દીધું

22 જાન્યુઆરી 2024 ના રોજ, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં રામ લલાની મૂર્તિનો અભિષેક સમારોહ યોજાયો હતો. આ દરમિયાન એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશના 7000 જેટલા મહાનુભાવોએ હાજરી આપી હતી. પાંચમી પેઢીના શિલ્પકાર અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવેલી રામ લલ્લાની મૂર્તિને 5 વર્ષના બાળ રામ તરીકે મૂકવામાં આવી છે. લોકસભા ચૂંટણીમાં આનો લાભ ભાજપને ન મળ્યો અને અયોધ્યામાં પણ હાર થઈ પણ કરોડો હિંદુઓનું સપનું સાકાર થયું અને ઉત્તર પ્રદેશમાં પર્યટનમાં ઉછાળો જોવા મળ્યો, જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2024ની વચ્ચે 47.61 કરોડ પ્રવાસીઓએ રાજ્યની મુલાકાત લીધી હતી. શ્રી રામ મંદિરનું ઘર અયોધ્યા, રાજ્યના સૌથી વધુ મુલાકાત લેવાયેલા સ્થળ તરીકે ઉભરી આવ્યું છે, જે આગ્રાના આઇકોનિક તાજમહેલને પણ પાછળ છોડી દે છે. અયોધ્યાએ આ સમયગાળા દરમિયાન આશ્ચર્યજનક રીતે 13.55 કરોડ સ્થાનિક પ્રવાસીઓ અને 3,153 આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓનું સ્વાગત કર્યું હતું. રામ મંદિરના ઉદ્દ્ઘાટનથી આ અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે, જેણે રાજ્યના પર્યટન નકશાને ફરીથી આકાર આપ્યો છે. તેની સામે આગ્રામાં 12.51 કરોડ મુલાકાતીઓ આવ્યા હતા, જેમાં 11.59 કરોડ સ્થાનિક અને 9.24 લાખ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આ બદલાવ ઉત્તર પ્રદેશમાં ધાર્મિક પર્યટનના વધતા જતા પ્રાધાન્યને રેખાંકિત કરે છે, જ્યાં આધ્યાત્મિક સીમાચિહ્નો મુસાફરીની પસંદગીઓને ફરીથી વ્યાખ્યાચિત કરી રહ્યા છે.






## બાંગ્લાદેશમાં બળવો

બાંગ્લાદેશમાં એક મહિના સુધી ચાલેલા વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો બાદ શેખ હસીનાએ 5 ઓગસ્ટના રોજ રાજીનામું આપી દીધું હતું. તેના જવાથી ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં મોટો બદલાવ આવ્યો છે, કારણ કે હસીનાના 15 વર્ષના કાર્યકાળમાં બંને દેશો વચ્ચે અભૂતપૂર્વ સહકાર જોવા મળ્યો હતો. હસીનાનાં પતન બાદ નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસે 8 ઓગસ્ટના રોજ વચગાળાનું નેતૃત્વ સંભાળ્યું હતું. યુકે જવા માગતા શેખ હસીનાને કોઈએ આશરો ન આપ્યો અને હજી ભારતમાં જ છે.

### બળવા બાદ હિંદુઓ પર હુમલા

**5 ઓગસ્ટના રોજ શેખ હસીનાના નેતૃત્વવાળી સરકારના પતન પછી બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયોના સભ્યોને 52 જિલ્લાઓમાં હુમલાની ઓછામાં ઓછી 205 ઘટનાઓનો સામનો કરવો પડ્યો હતો. બાંગ્લાદેશમાં હિંદુઓને નિશાન બનાવાયા તેના ભારત સહિત વિશ્વમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા. ઈસ્કોન સાથે રહી ચૂકેલા એક હિંદુ નેતાની ધરપકડ બાદ પણ તોફાનો થયા. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં પણ કડવાશ આવી અને બાંગ્લાદેશે ભારતને શેખ હસીનાને પરત મોકલવા જણાવ્યું.**





## મોદીની હેટ્રિક પણ એકલા હાથે બહુમત નહીં



ભારતમાં આ વર્ષે 18મી સામાન્ય ચૂંટણીઓ થઈ. સમગ્ર દેશે આગામી કેન્દ્ર સરકાર પસંદ કરવા માટે મતદાન કર્યું હતું. 96. 8 કરોડ (968 મિલિયન) લોકો જે મત આપવા માટે લાયક હતા, તેમાંથી 64.2 કરોડ લોકોએ 31.2 કરોડ મહિલાઓ સહિત અધિકારનો ઉપયોગ કર્યો, જે મહિલા મતદારોની અત્યાર સુધીની સૌથી વધુ ભાગીદારી છે. 44 દિવસની ચૂંટણી કવાયત 1951-52 ની પ્રથમ સંસદીય ચૂંટણી પછી દેશની બીજી સૌથી લાંબી ચૂંટણી હતી, જે ચાર મહિનાથી વધુ સમય સુધી ચાલી હતી. 19 એપ્રિલથી શરૂ થઇને 1 જૂન સુધી સાત તબક્કામાં મતદાન યોજાયું હતું. 4 જૂનના રોજ પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. લોકસભાની ચૂંટણી પહેલા માર્ચમાં દેશમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ હતી. ચંદ્રાબાબુ નાયડુની ટીડીપી એનડીએમાં પરત ફરી ત્યારે મોટો રાજકીય ઘટનાક્રમ સર્જાયો હતો. 2014ની ચૂંટણી બંને પક્ષોએ સાથે મળીને લડી હતી, પરંતુ 2018 સુધીમાં તેમના રસ્તા અલગ થઈ ગયા હતા. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે 400 પારનો નારો આપ્યો હતો. ભાજપ તેમજ રાજકીય વિશ્લેષકોને વિશ્વાસ હતો કે તે આ આંકડો પાર કરશે પરંતુ ચૂંટણી પરિણામોએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ભાજપ એકલા હાથે બહુમતીનો આંકડો પણ સ્પર્શી શક્યો ન હતો અને માત્ર ૨૪૦ બેઠકો પર સમેટાઇ ગયો હતો. જો કે ટીડીપી, જેડીયુ અને અન્ય સહયોગીઓની મદદથી ભાજપે ત્રીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવી હતી. આ લોકસભા ચૂંટણીમાં ભાજપને ઉત્તર પ્રદેશમાં પણ મોટો ઝટકો લાગ્યો હતો. 2019ની લોકસભા ચૂંટણીમાં ભાજપે 80માંથી 62 બેઠકો જીતી હતી, પરંતુ આ વખતે તે માત્ર 33 બેઠકો જ જીતી શક્યો. મહારાષ્ટ્રની બેઠકો પર પણ પરિણામો અણધાર્યા હતા અને વિપક્ષ મહા વિકાસ અઘાડીએ 48માંથી 31 બેઠકો જીતી હતી અને સૌથી મોટો આંચકો ભાજપને લાગ્યો હતો, જેને માત્ર 9 બેઠકો મળી હતી, જ્યારે 2019માં તેણે એકલા હાથે 23 બેઠકો જીતી હતી. મહા વિકાસ આઘાડીમાં કોંગ્રેસે 13, એનસીપી-સપાએ સાત, શિવસેના-યુબીટીએ નવ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપે નવ, શિવસેનાએ સાત અને એનસીપીને એક બેઠક પર વિજય મેળવ્યો હતો. જો કે સતત ત્રીજી ટર્મ માટે મોદી વડા પ્રધાન બન્યા અને નહેરુની બરાબરી કરી.



## 'અમેરિકા ફર્સ્ટ' સાથે વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા ટ્રમ્પ

ટ્રમ્પ 20 જાન્યુઆરી, 2025ના રોજ સત્તાવાર રીતે યુ.એસ.ના 47મા રાષ્ટ્રપતિ બનશે, તેમણે 6 નવેમ્બરના રોજ રાષ્ટ્રપતિ પદ માટે કડવી લડાઇની હરીફાઈમાં તેમના વિરોધી, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને હરાવ્યા હતા. ટ્રમ્પનો 'અમેરિકા ફર્સ્ટ' એજન્ડા તેમના અભિયાનના કેન્દ્રમાં રહ્યો હતો, જે ઘરઆંગણે ઇમિગ્રેશન વિરોધી વલણ અને નિષ્ણાતોએ સંરક્ષણવાદી અને વિદેશમાં અલગતાવાદી વેપાર નીતિઓ તરીકે વર્ણવ્યું છે. તેમને ઈલોન મસ્કનો સાથ મળ્યો. ટ્રમ્પને ૩૧૨ ઇલેક્ટોરલ વોટ અને કમલા હેરિસને ૨૨૬ ઇલેક્ટોરલ વોટ મળ્યા હતા. રિપબ્લિકન પાર્ટીએ રાષ્ટ્રપતિ પદની સાથે સાથે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટમાં પણ બહુમતી મેળવી છે. ટ્રમ્પની આ જીત સાથે જ આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ઘણા પરિવર્તનના સંકેત મળી રહ્યા છે.

## સિરિયામાં અસદનું પતન



સિરિયામાં 8 ડિસેમ્બરના રોજ, સશસ્ત્ર બળવાખોરોએ દમાસ્કસ પર નિયંત્રણ મેળવી લીધું હતું, જેના કારણે પ્રમુખ બશર અલ-અસદને ભાગવાની ફરજ પડી હતી અને અસદ પરિવારના પાંચ દાયકાના શાસનનો અંત આવ્યો હતો. અસદના પતનને કારણે રશિયા અને ઇરાન નબળાં પડી ગયાં છે, જેમણે તેમના શાસનને લશ્કરી રીતે ટેકો આપ્યો હતો. ઇઝરાયેલ સામે ઇરાનની 'પ્રતિકારની ધરી'ને ફટકો પડ્યો છે, જેના કારણે લેબેનોનમાં હિઝબુલ્લાહનો પુરવઠો બંધ થઈ ગયો છે. રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગનના નેતૃત્વમાં તુર્કી એક મુખ્ય લાભાર્થી તરીકે ઉભરી આવ્યું હતું. અસદનું પતન સીરિયામાં તુર્કીના પ્રભાવને મજબૂત બનાવે છે અને કુર્દિશ અલગાવવાદીઓ સામે પોતાનો હાથ મજબૂત કરે છે.

